નં.નાનિ/અજાક/અમર/વશી/૨૦૨૩/72-73
નાયબ નિયામક,અનુસૂચિત જાતિ કલ્યાણ
બહુમાળી ભવન, ૩૦૩, ત્રીજો માળ, અમરેલી.
ફો.નં. ૦૨૭૯૨-૨૨૩૪૪૬
Email: dydir-scw-amr@gujarat.gov.in
તા.૦૯/૦૧/૨૦૨૩

પ્રતિ,
(૧) જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી,
બહુમાળી ભવન,અમરેલી
(૨) જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીશ્રી,
જિલ્લા પંચાયત કચેરી,અમરેલી.

વિષય:- " Pre Matric Scholarship to SC Students and Others" યોજના હેઠળ શિષ્યવૃતિની ચુકવણી બાબત

સંદર્ભ:- નિયામકશ્રી,અજાક, ગાંધીનગરના પત્ર નં. નં.અજાક/ગ-૧/૫/૨૨-૨૩/૧૧૧૦૬૪-૧૨૦૯૬ તા.૩૦/૧૨/૨૦૨૨

સવિનય ઉપરોક્ત વિષય અને સંદર્ભ પત્ર પરત્વે જણાવવાનુ કે, કેન્દ્ર સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલયના તા.૧૪/૦૩/૨૦૨૨ના પત્ર નં. K-110271/1/2021-SCD-V થી રજુ થયેલ નવી ગાઈડલાઇન મુજબ વર્ષ:૨૦૨૨-૨૩ થી વિદ્યાર્થીઓને ૪૦:૬૦ (રાજ્ય:કેન્દ્ર)ના રેશીયોમાં ચુકવણું કરવાનું નકકી કરવામાં આવેલ છે એટલે કે ૪૦% શિષ્યવૃતિ રાજ્ય સરકારશ્રી દ્વારા ચુકવવામાં આવશે અને બાકીની ૬૦% ટકા શિષ્યવૃતિ કેન્દ્ર સરકારશ્રી દ્વારા વિદ્યાર્થીઓને સીધી ચુકવવાની રહેશે. વધુમાં, તા.૦૮/૦૯/૨૦૨૨ના રોજ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,દિલ્હી ખાતે મળેલ બેઠકમાં કેન્દ્ર સરકારશ્રી દ્વારા એમ પણ જણાવવામાં આવેલ છે કે વિદ્યાર્થીઓને શિષ્યવૃતિનું ચુકવણું આધારબેઝ કરવાનું રહેશે એટલે કે આધારનંબર સાથે જે બેન્ક ખાતું લીંક હોય તેમાં જ કરવાનું રહેશે.

જેથી સંદર્ભ પત્ર મુજબ આધાર નંબર તથા બેંક ખાતા નંબર લીંક ના હોય તેને તાત્કાલિક કરાવવાના થાય છે. જે વિદ્યાર્થીઓના આધાર નંબર તથા બેંક ખાતા નંબર લીંક નથી તેની યાદી એક્શેલ ફાઇલમાં આપશ્રીની કચેરીના ઇ-મેઇલ આઇ.ડી:- adpeoamr@gmail.com & amrelideo@gmail.com ઉપર મોકલી આપવામાં આવે છે. સંદર્ભ પત્ર મુજબ કાર્યવાહી કરવા આપની હસ્તકની તમામ શાળાના આચાર્યશ્રીઓને જાણ કરી સત્વરે કાર્યવાહી પૂર્ણ કરવા આપની કક્ષાએથી જણાવવા વિનંતી છે.

બિડાણ:- સંદર્ભ પત્ર

નાયબ નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણ
અમરેલી

નકલ સવિનય રવાના:-
માન.નિયામકશ્રી, અનુ.જાતિ કલ્યાણ, ગાંધીનગર તરફ જાણ સારૂ......

પરિપત્ર નં - ૨૪૨

ક્રમાંક:-પ્રાથમિક/પ્રિ-મેટ્રિક/શિષ્યવૃતિ/૨૨-૨૩
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
અમરેલી.
તા.૦૯/૦૧/૨૦૨૩

ઉપરોક્ત પરિપત્ર જાણ તથા અમલ સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
અમરેલી

પ્રતિ,
આચાર્યશ્રી,
પ્રાથમિક,માધ્યમિક અને ઉ.મા. શાળાઓ તમામ,
જિ.અમરેલી

Scanned with CamScanner

તાત્કાલિક

નં.અજાક/ગ-૧/૫/૨૨-૨૩/ ૧૧૦૬૪-૧૧૦૯૬
નિયામક,અનુસૂચિત જાતિ કલ્યાણ,
૪/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર
E-mail:dd1-dscw@gujarat.gov.in
ફોન: ૦૭૯-૨૩૨ ૫૩૨૪૩
તા.૩૦/૧૧/૨૦૨૨

પ્રતિ,
નાયબ નિયામકશ્રી, અજાક,
જિ...................... (તમામ)

વિષય: "Pre Matric Scholarship to SC Students and Others" યોજના હેઠળ શિષ્યવૃત્તિની ચુકવણી બાબત

સંદર્ભ: કેંદ્ર સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલયના તા:૧૪/૦૩/૨૨ના પત્રનં: K-11027/1/2021-SCD-V

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે સંદર્ભિત પત્ર મુજબ ભારત સરકારશ્રીની "Pre Matric Scholarship to SC Students and Other" યોજના (એટલે કે અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિ યોજના ધો:૯ & ૧૦ તથા સ્વચ્છતાના વ્યવસાયમાં રોકાયેલ વાલીના બાળકોને શિષ્યવૃત્તિ યોજના ધો: ૧ થી ૧૦) અંતર્ગત વર્ષ:૨૦૨૨-૨૩થી શિષ્યવૃત્તિ યોજનાની ચુકવણીમાં ફેરફાર કરવામાં આવેલ છે. અગાઉ વિદ્યાર્થીઓને ૧૦૦% શિષ્યવૃત્તિ રાજ્ય સરકારશ્રી દ્વારા ચુકવવામાં આવતી હતી અને કેંદ્ર સરકારશ્રીનો હિસ્સો કેંદ્ર સરકારશ્રી પાસેથી મેળવી લેવામાં આવતો હતો.

જ્યારે સંદર્ભિત નવી ગાઇડલાઇન મુજબ વર્ષ:૨૦૨૨-૨૩ થી વિદ્યાર્થીઓને ૪૦:૬૦ (રાજ્ય:કેંદ્ર)ના રેશીયોમાં ચુકવણું કરવાનું નક્કી કરવામાં આવેલ છે એટલે કે ૪૦% શિષ્યવૃત્તિ રાજ્ય સરકારશ્રી દ્વારા ચુકવવામાં આવશે અને બાકીની ૬૦% શિષ્યવૃત્તિ કેંદ્ર સરકારશ્રી દ્વારા વિદ્યાર્થીઓને સીધી ચુકવવાની રહેશે. વધુમાં તા:૦૮/૦૯/૨૦૨૨ના રોજ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, દિલ્હી ખાતે મળેલ બેઠકમાં કેંદ્ર સરકારશ્રી દ્વારા એમ પણ જણાવવામાં આવેલ છે કે વિદ્યાર્થીઓને શિષ્યવૃતિનું ચુકવણું આધારબેઝ કરવાનું રહેશે એટલે કે આધારનંબર સાથે જે બેંક ખાતુ લીંક હોય તેમા જ કરવાનું રહેશે.

વર્ષ:૨૦૨૨-૨૩ના વર્ષમાં વિદ્યાર્થીઓની વિગતો નીચે મુજબ છે.

| Sr. No | Scheme Name (As per State) | Budget Provision (Rs. In Lakh) | Targeted Beneficiary | No. of application have Bank Account No | No. of Students Adhar and Bank linked |
|---|---|---|---|---|---|
| 1 | Pre Matric Scholarship to SC Students and Others Component-I & (Std. 9 to 10) Component-II | 9000.00 | 2.56 Lakh | 2.56 Lakh | 1.20 Lakh |

Scanned with CamScanner

ઉક્ત યોજના અંતર્ગત અંદાજે ૨.૫૬ લાખ વિદ્યાર્થીઓ માંથી અંદાજે ૧.૨૦ લાખ વિદ્યાર્થીઓના જ આધારનંબર અને બેંક એકાઉન્ટ લીંક છે જ્યારે ૧.૩૬ લાખ વિદ્યાર્થીઓના આધાર નંબર અને બેંક એકાઉન્ટ લીંક જ નથી જેથી આ વિદ્યાર્થીઓના આધાર નંબર તેમજ બેંક ખાતા તાત્કાલિક લીંક કરાવવા જરૂરી બને છે. સદરહું અંદાજિત ૨.૫૬ લાખ વિદ્યાર્થીઓ પૈકી તા:૧૫/૧૨/૨૦૨૨ અંતિત ૧.૯૩ લાખ વિદ્યાર્થીઓની પ્રપોઝલ મંજુર પણ કરી દેવામાં આવેલ છે અને બધા વિદ્યાર્થીઓના આધાર બેંક લીંક ના હોય વિદ્યાર્થીઓને ચુકવણાની પ્રકિયા શરૂ કરવામાં મુશ્કેલીઓ આવી રહી છે.

પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાઓ અંતર્ગત અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની ઉમર નાની હોય તમામ કામગીરી શાળાના આચાર્યશ્રીઓ દ્વારા કરાવવામાં આવે છે અને આચાર્યશ્રીઓ દ્વારા વિદ્યાર્થીઓની અરજીઓ પ્રપોઝલ બનાવી મોકલી આપવામાં આવે છે અને એક પ્રપોઝલમાં એક કરવા વધારે વિદ્યાર્થીઓ હોય તેવી પ્રપૌઝલ બનાવી મોકલવામાં આવે છે. જેથી એવી મુશ્કેલીઓ ઉભી થાય છે કે એક પ્રપોઝલમાં કુલ:૫૦ વિદ્યાર્થીઓ હોય અને તેમા ૨૫ વિદ્યાર્થીઓના આધાર નંબર અને બેંક ખાતુ લીંક હોય જ્યારે ૨૫ વિદ્યાર્થીઓના આધાર નંબર અને બેંક ખાતુ લીંક ના હોય આખી મંજુર કરેલ પ્રપોઝલનું ચુકવણું થઇ શકતુ નથી.

આમ જે વિદ્યાર્થીઓના આધાર નંબર – બેંક ખાતા લીંક ના હોય તેઓને તાત્કાલીક કરાવવા સારૂ તા:૨૩/૧૨/૨૦૨૨ના રોજ માન. અધિક મુખ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગરના અધ્યક્ષ સ્થાને તેમજ માન. સચિવશ્રી, શિક્ષણ વિભાગની ઉપસ્થિતિમાં શિક્ષણ વિભાગ તથા સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના જિલ્લા અધિકારીશ્રીઓ સાથે વિડિયો કોન્ફરન્સ રાખવામાં આવેલ હતી.

સદરહું કોન્ફરન્સમાં જણાવ્યા મુજબ જે વિદ્યાર્થીઓના આધાર નંબર તથા બેંક ખાતા નંબર લીંક ના હોય તેઓને તાત્કાલિક કરાવવાના થાય છે. જે વિદ્યાર્થીઓના આધાર નંબર તથા બેંક ખાતા નંબર લીંક નથી તેની યાદી એક્શેલ ફાઇલમાં આ સાથે સામેલ છે તેમજ આ યાદી ડિજિટલ ગુજરાત પોર્ટલ પર જિલ્લા કચેરીઓના લોગીનમાં તેમજ આચાર્યશ્રીઓના લોગીનમાં જોઇ શકાય છે.

જિલ્લા કચેરીઓ આવી યાદી જિલ્લા કક્ષાએ ડિજિટલ ગુજરાત પોર્ટલ પર લોગીન કરી "PreMatric Scholarhsip" મેનુમાં જઇ ચકાસી શકશે જ્યારે શાળાના આચાર્યશ્રીઓ ડિજિટલ ગુજરાત પોર્ટલ આવી યાદી "Student Register" મેનુમાં જઇ "PreMatric PFMS Reject/Accept Details" ઓપશન પર ક્લીક કરી ચકાસી શકાશે. આચાર્યશ્રીઓએ આ મેનુંનો ઉપયોગ કરી જેટલા વિદ્યાર્થીઓ Reject કેટેગરીમાં હોય તેવા તમામ વિદ્યાર્થીઓને તાત્કાલિક જાણ કરવાની રહેશે કે વિદ્યાર્થીઓ પોતાના આધાર નંબર સાથે પોતાનું બેંક ખાતુ લીંક કરાવે. ત્યારબાદ જ્યારે વિદ્યાર્થીનું બેંક ખાતુ લીંક થઇ જાય ત્યારે આચાર્યશ્રીઓએ ફરી ઉક્ત મેનુમા જઇ ને વિદ્યાર્થીના નામ સામે "Aadhaar Linked" બટન પર ક્લીક કરવાનું રહેશે જેથી આવા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિની ચુકવણી કરી શકાય.

Scanned with CamScanner

આમ નવી ગાઇડલાઇન મુજબ પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિનું ચુકવણું કરી શકાય તે માટે ઉક્ત તમામ વિગતો તેમજ એક્શેલમાં જે યાદી પુરી પાડવામાં આવેલ છે તે ધ્યાને લઇ જિલ્લાના શિક્ષણ વિભાગના અધિકારીશ્રીઓ સાથે સંકલન કરી તમામ આચાર્યશ્રીઓને જિલ્લા કચેરીઓએથી તમામ જરૂરી સૂચના આપવા જણાવવામાં આવે છે અને કામગીરી સમયમર્યાદામાં પૂર્ણ કરવા જણાવવામાં આવે છે.

નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણ.
ગાંધીનગર

બિડાણ: ઉપર મુજબ

નકલ સવિનય રવાના:

- કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી, જુના સચિવાલય, બ્લોક નં:૧૨/૨ ગાંધીનગર તરફ જાણ તેમજ આપના હસ્તકની જિલ્લા કચેરીઓને જરૂરી સૂચના આપવા સારૂ.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, જુના સચિવાલય, બ્લોક નં:૯/૨ ગાંધીનગર તરફ જાણ તેમજ આપના હસ્તકની જિલ્લા કચેરીઓને જરૂરી સૂચના આપવા સારૂ.

Scanned with CamScanner